RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) दैनिक

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 278 * Date: 28.07.2025,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સમગ્ર દેશની સ્કૂલોમાં ફરજિયાત સુરક્ષા ઓડિટ કરવા રાજ્યોને કેન્દ્રનો નિર્દેશ



નવી દિલ્હી : રાજસ્થાનના ઝાલાવાડમાં સ્કૂલની છત તૂટી પડતાં સાત વિદ્યાર્થીઓનાં મોત નીપજતા આખા દેશમાં હોબાળો મચી ગયો છે. આવા સમયે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સ્કૂલોમાં બાળકો માટે સુરક્ષા અને સુવિધાઓનું ફરજિયાત ઓડિટ હાથ ધરવા નિર્દેશ આપ્યા છે. બીજીબાજુ ઝાલાવાડની સ્કૂલમાં દુર્ઘટનામાં પોતાના બંને સંતાનોને ગુમાવનાર માતાના આક્રંદે આખા દેશને હચમચાવી દીધો છે. માતાએ કહ્યું તેના બંને બાળકો જતા રહ્યા, હવે આંગણું સુનું થઈ ગયું છે.

રાજસ્થાનના ઝાલાવાડમાં સ્કૂલની છત તૂટી પડવાની દુર્ઘટનાના બીજા દિવસે કેન્દ્રીય કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ આપ્યા છે કે, તેમણે વિદ્યાર્થીઓની સુરક્ષાની ખાતરી કરવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ, જેમાં રાષ્ટ્રીય સુરક્ષા નિયમો મુજબ સ્કૂલો અને બાળકો સંબંધિત સુવિધાઓમાં સુરક્ષા ઓડિટ કરવું, ઈમર્જન્સી સ્થિતિનો સામનો કરવા માટે કર્ચમારીઓ અને વિદ્યાર્થીઓને તાલિમ આપવી અને કાઉન્સેલિંગ મારફત માનસિક સહાય પૂરી પાડવી જેવા પગલાંઓનો સમાવેશ થાય છે.

દરમિયાન ઝાલાવાડના ગામમાં સ્કૂલની છત તૂટી પડતાં માર્યા ગયેલા સાત બાળકોમાં એક જ પરિવારના બે ભાઈ બહેન મીના અને કાન્હાનો સમાવેશ થાય છે. માતાએ કહ્યું, મારે તો બે જ બાળકો હતા. એક પુત્ર અને એક પુત્રી, બંને અકસ્માતમાં માર્યા ગયા. હવે ઘર સૂમસામ થઈ ગયું છે. ભગવાને મને જ ઉઠાવી લીધી હોત, બાળકોને બચાવી લીધા હોત... બંને સંતાનો ગુમાવનાર માતાના આક્રંદે આખા દેશને હચમચાવી દીધો છે.બીજીબાજુ ઝાલાવાડના પિપલોદી ગામમાં સરકારી સ્કૂલની દુર્ઘટનામાં અધિકારીઓની બેદરકારી સામે આવી છે. સ્કૂલની જર્જરિત હાલતથી ચિંતિત ગામવાસીઓએ અધિકારીઓ અને શિક્ષકોને સ્કૂલના સમારકામ માટે વિનંતી કરી હતી, પરંતુ તેમણે કોઈ ધ્યાન આપ્યું નહીં. ઉલટાનું અધિકારીઓએ ગામવાસીઓને તેમના સ્તર પર સમારકામ કરાવવા કહી દીધું હતું. જ્યારે શિક્ષકોએ કહ્યું કે ગામના દરેક પરિવાર ૨૦૦-૨૦૦ રૂપિયા આપે તો સ્કૂલની નવી છત કરાવડાવીએ. આ અકસ્માતથી ગુસ્સે ભરાયેલા ગામવાસીઓએ આક્ષેપ કર્યો કે, તેમણે સ્કૂલના રિપેરિંગ અંગે તહેસીલદાર અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટને વિનંતી કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી થઈ નહીં. ચાર વર્ષથી દરેક ચોમાસામાં છતમાંથી પાણી ટપકતું હતું.

## હરિદ્વારના મનસા દેવી મંદિરમાં નાસભાગ, ૬ ભક્તોના મોત, વીજકરંટને લીધે દુર્ઘટના સર્જાયાની આશંકા

ઉત્તરાખંડના હરિદ્વારમાં આવેલા જાણીતા મનસા દેવી મંદિરમાં રવિવારે ભારે ભીડ વચ્ચે નાસભાગની ઘટના બનતા અફરાતફરી સર્જાઈ ગઇ. આ દુર્ઘટનામાં ૬ શ્રદ્ધાળુઓના મોતના અહેવાલ સામે આવ્યા છે. જોકે ઘાયલોની સંખ્યા પણ મોટી હોવાની જાણકારી મળી રહી છે.

તંત્રનું આ મામલે કહેવું છે કે મંદિરમાં ભારે ભીડ એકઠી થઈ હતી જેના કારણે નાસભાગની સ્થિતિ સર્જાઈ. ઘટનાની જાણકારી મળતાં જ સ્થાનિક પોલીસ અને વહીવટીતંત્રની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને રાહત કાર્યવાહી શરૂ કરી હતી.

ગઢવાલ ડિવિઝનલ કમિશનર વિનય શંકર પાંડેએ જણાવ્યું હતું કે હરિદ્વારના મનસા દેવી મંદિરમાં ભારે ભીડ એકઠી થયા બાદ નાસભાગની સ્થિતિ સર્જાઈ હતી. આ નાસભાગમાં ૬ લોકોના મોત થયા છે. હું ઘટનાસ્થળે જઈ રહ્યો છું.પ્રાથમિક માહિતી અનુસાર, આ ઘટના મંદિરના પગથિયાવાળા રસ્તે બની હતી. એવી શંકા છે કે પગથિયામાં વીજળીનો કરંટ આવતો હતો, જેના લીધે શ્રદ્ધાળુઓમાં ગભરાટને કારણે નાસભાગ મચી ગઈ હતી. ગઢવાલના ડીસી વિનય કુમારે જણાવ્યું હતું કે અકસ્માતના કારણની તપાસ કરવામાં આવી રહી છે. માહિતી અનુસાર અકસ્માતમાં લગભગ ૧૫ લોકો ઘાયલ થયા છે અને ૬ લોકોના મોતની પુષ્ટિ થઈ છે.મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો.

## પોલીસનું સઘન વાહન ચેકિંગ : રાંદેસણ અકસ્માત બાદ પોલીસ તંત્રની કડક કાર્યવાહી

રાંદેસણ સર્વિસ રોડ પર નશેડી કારચાલકે ગમખ્વાર અકસ્માત સર્જ્યા બાદ ગાંધીનગરમાં આ પ્રકારે નશો કરીને વાહન ચલાવતા તત્ત્વોને પકડવા માટે પોલીસે વાહનચેકીંગ સઘન બનાવ્યું છે. શહેરના પ્રવેશ દ્વારા અને મહત્વના પોઈન્ટ પર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. અત્યાર સુધી વાહન ચેકિંગ સામાન્ય સીટ બેલ્ટ, હેલ્મેટ જેવા નિયમોના ભંગ સુધી સીમિત હતું પરંતુ હવે કાળા કાચ વાળી કાર, ફેન્સી નંબર પ્લેટ અને લક્ઝુરિયસ એસયુવી જેવી હાઈસ્પીડ કારનું ખાસ ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. કાર ઉપરાંત વધુ અવાજ કરતા સાઈલેન્સરવાળા બુલેટ ચાલકોને પણ દંડવામાં આવી રહ્યા છે.છેલ્લા થોડા દિવસથી શહેરના વિવિધ સ્થળોએ મોડી રાત સુધી ટોળે વળીને બેસતા આવારા તત્ત્વો સામે પોલીસે અભિયાન ચલાવ્યું છે અને વાહન ચેકિંગ પણ કરવામાં આવી રહ્યું છે ત્યારે શુક્રવારના અકસ્માત બાદ આ ડ્રાઈવ વધુ સઘન બનાવાઈ છે.

## એકબીજાને માફ કરો અને આગળ વધો...', લગ્ન વિવાદમાં સુપ્રીમકોર્ટની ભાવનાત્મક ટિપ્પણી



સુપ્રીમ કોર્ટે એક ફાઈટર પાઈલટ અને તેની પત્નીને સલાહ આપતા કહ્યું કે, એકબીજાને માફ કરો અને આગળ વધો. જેઓ લગ્ન વિવાદમાં ફસાયેલા છે. પાઈલટે ૨૦૧૯ના બાલાકોટ એર સ્ટ્રાઈકમાં પણ ભાગ લીધો હતો. બીજી તરફ પત્ની સ્થી સ્નાતક છે અને એક ફર્મમાં કામ કરે છે.જસ્ટિસ પીએસ નરસિન્હા અને અતુલ એસ ચંદુરકરની બેન્ચે દંપતીને કહ્યું કે, 'તમે પરસ્પર વિવાદનો શાંતિપૂર્ણ રીતે ઉકેલ લાવી દો. બદલાની જિંદગી ન જીવો. તમે બંને યુવાન છો અને તમારી સામે લાંબુ જીવન પડ્યું છે. તમારે સારું જીવન જીવવું જોઈએ. 'વાયુસેનાના અધિકારીની અરજી પર નોટિસ જારી કરતા બેન્ચે કહ્યું કે, તમે એકબીજાને માફ કરો. એકબીજાને ભૂલી જાઓ અને આગળ વધો. પાઈલટે આ અરજી પોતાની પત્ની દ્વારા નોંધાયેલી ફ્રૈંઇ રદ કરવા માટે દાખલ કરી છે.પાઈલટે પોતાની અરજીમાં કહ્યું કે, હું અને મારા પરિવારના સભ્યો મારી પત્ની અને સાસરિયાઓ દ્વારા સતત માનસિક ત્રાસનો શિકાર બની રહ્યા છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ફ્રૈંઇ રદ કરવાની તેની અરજી ફગાવી દીધા બાદ વાયુસેનાના અધિકારીએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે.અરજીના સ્વરૂપને જોતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તે દુશ્મનાવટના કેસ જેવું છે. કોર્ટે દંપતીને શાંતિપૂર્ણ રીતે વિવાદનો ઉકેલ લાવવા અને જીવનમાં આગળ વધવા કહ્યું.અરજીમાં કહેવામાં આવ્યું છે કે, પત્ની વાયુસેનાના અધિકારી અને તેમના પરિવારના સભ્યો વિરુદ્ધ દિલ્હી અને હરિયાણાની વિવિધ કોર્ટમાં ખોટી ફરિયાદો અને કેસ દાખલ કરી રહી છે. જ્યારે તેમને કોર્ટમાંથી કોઈ રાહત ન મળી, ત્યારે તેમણે વાયુસેના અને સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ વારંવાર ખોટી ફરિયાદો દાખલ કરાવી. આવી ફરિયાદો કાનૂની પ્રક્રિયાનો ઘોર દુરુપયોગ છે અને આ કેસમાં ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવી ન્યાયના હિતમાં નથી.

## મણિપુરમાં ૯૦ હથિયારો અને ૭૦૦ વિસ્ફોટક સામગ્રી જપ્ત



ઈમ્ફાલ : મણિપુરમાં પાંચ જિલ્લાઓમાં સુરક્ષાદળોએ મોટાપાયે તપાસ અભિયાન ચલાવ્યું હતું. જે દરમિયાન આશરે ૯૦ જેટલા હથિયારો, ૭૦૦ વિસ્ફોટક સામગ્રી જપ્ત કરી હતી.

મણિપુર પોલીસ, સીઆરપીએફ, બીએસએફ, સૈન્ય અને આસામ રાઈફલ્સ દ્વારા સંયુક્ત રીતે ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું, મણિપુરના પૂર્વ-પશ્ચિમ ઈમ્ફાલ, તૌબલ, કેકચિંગ, બિષ્નુપુર જિલ્લામાં દરોડા દરમિયાન ૯૦ હથિયારો મળ્યા હતા. જેમાં ત્રણ એકે સીરીઝ, એક એમ૧૬ રાઈફલ, પાંચ ઈન્સાસ રાઈફલ્સ, ૨૦ પિસ્તોલ વગેરેને જપ્ત કરવામાં આવ્યા હતા.

હથિયારો ઉપરાંત ઘાતક વિસ્ફોટક સામગ્રી પણ જપ્ત કરાઇ છે જેમાં ૭૨૮ વિસ્ફોટકો, ૨૧ ગ્રેનેડ્સ, ૭ આઇઇડીનો સમાવેશ થાય છે. આઈજી કબીબ કેએ કહ્યું હતું કે જે પણ હથિયારો હાલ જપ્ત કરાયા છે

## ધનખડના રાજીનામાએ ભાજપનું ટેન્શન વધાર્યું, હવે રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી લંબાવાની શક્યતા



ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના રાજીનામા બાદ શાસક પક્ષ ભાજપની મુશ્કેલીઓ વધી શકે છે. ભાજપ પોતાના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી મુદ્દે અસમંજસમાં મુકાઈ છે. ભાજપ પહેલાંથી જ આ સર્વોચ્ચ પદ માટે પોતાના વૈચારિક સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની સાથે સહમતિ બનાવવાના પડકારનો સામનો કરી રહ્યું હતું, એવામાં ધનખડના રાજીનામા બાદ નવા ઉપરાષ્ટ્રપતિની નિમણૂક મુદ્દે વિચારણા કરવી પડશે. પરિણામે ભાજપ અધ્યક્ષની ચૂંટણી લંબાઈ શકે છે.નવા પાર્ટી અધ્યક્ષ મુદ્દે ચર્ચાઓ ફરી બંધ થઈ છે. જેના લીધે અન્ય રાજ્યોના અધ્યક્ષોની પસંદગીનો મામલો પણ ખોરંભે ચડ્યો છે. હાલ ઉપરાષ્ટ્રપતિની પસંદગી પર ફોકસ હોવાથી પક્ષની સંગઠન ચૂંટણી પાછળ ઠેલવાઈ શકે તેવી અટકળો વહેતી થઈ છે.

હાલ ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. ત્યારબાદ પણ સંગઠનની ચૂંટણી પર કોઈ ખાસ કામગીરી જોવા મળશે નહીં કારણકે, બિહારમાં વિધાનસભા ચૂંટણીથી રાજકારણ ગરમાયું છે. વિપક્ષની મજબૂત રણનીતિના પગલે ભાજપ હાલ જેડીયુના નેતૃત્વ હેઠળ બિહાર ચૂંટણી પર ફોકસ કરી શકે છે. ઉલ્લેખનીય છે, ઉત્તર પ્રદેશ, ગુજરાત, કર્ણાટક જેવા મોટા રાજ્યોના અધ્યક્ષની ચૂંટણી પણ પેન્ડિંગ છે. જેથી આ રાજ્યોના પક્ષના કાર્યકરોએ હજી વધુ રાહ જોવી પડશે.

રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે જે દિગ્ગજ નેતાઓના નામ ચર્ચામાં છે, તેમાં ધર્મેન્દ્ર પ્રધાન (કેન્દ્રીય મંત્રી), શિવરાજસિંહ ચૌહાણ (કેબિનેટ મંત્રી), મનોહર લાલ ખટ્ટર (કેબિનેટ મંત્રી), ભુપેન્દ્ર યાદવ (કેબિનેટ મંત્રી) જેવા દિગ્ગજ સામેલ છે. જેમાંથી અમુક નામ સંગઠનાત્મક અનુભવના આધારે મજબૂત દાવેદાર છે. અમુક નામ રાજકીય પ્રતિનિધિત્વ અને સામાજિક સંતુલનને ધ્યાનમાં રાખીને પસંદ કરવામાં આવ્યા છે.

ભાજપે અત્યારસુધી ૩૬માંથી ૨૮ રાજ્યોના નવા અધ્યક્ષની જાહેરાત કરી છે.

## ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે રાજપારડી ગામે એક ખેતરમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી લીધો

એલસીબી એ કુલ રૂપિયા ૬૪૩૫૦ નો મુદ્દામાલ કબ્જે લઇને આ ગુના હેઠળ બે ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા તાલુકાના રાજપારડી ગામે એક ખેતરમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઇને આ ગુના હેઠળ બે ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા હતા. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને જિલ્લામાં દારૂ જુગારની અસામાજીક પ્રવૃત્તિઓ બંધ રહે તે માટે ઉચ્ચ અધિકારીઓ તરફથી અસરકારક કામગીરી કરવા જિલ્લાના પોલીસ વિભાગને સુચના આપવામાં આવી હતી,તેના અનુસંધાને ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચ પીઆઇ એમ.પી.વાળાના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઇમ બ્રાન્ચ સ્ટાફ દ્વારા દારૂ જુગારના કેસ ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી,દરમિયાન પીઆઇ એમ.એમ.રાઠોડ ટીમ સાથે રાજપારડી પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા,તે દરમિયાન બાતમી મળેલ કે આમલા ગભાણ ગામનો બુટલેગર સતીષભાઇ સોમાભાઇ વસાવા તેની ફોર વ્હિલ ઈકો ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરીને રાજપારડી ખાતે રહેતા સતીષભાઇ રતિલાલ વસાવાને આપી ગયેલ છે,અને દારૂનો આ જથ્થો સતીષભાઇ રતીલાલ વસાવાએ તેના ઘરની પાછળ ખેતરમા સંતાડેલ છે,એલસીબીની ટીમે મળેલ બાતમી મુજબના સ્થળે જઇને તપાસ કરતા ઘરના પાછળના ભાગે આવેલ ખેતરમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ- ૨૮૬ કિંમત રૂપિયા ૬૪,૩૫૦/-ની મળી આવી હતી.સતિષ વસાવા ઘરે હાજર મળેલ નહિ હોઇ પોલીસે દારૂનો જથ્થો મંગાવનાર સતિષ રતિલાલ વસાવા રહે.રાજપારડી તા.ઝઘડિયા અને દારૂનો જથ્થો મોકલનાર સતિષ સોમાભાઇ વસાવા રહે.આમલાગભાણ તા.ઝઘડિયાનાને વોન્ટેડ જાહેર કરીને રાજપારડી પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

## તંત્રી લેખ..

# મુક્ત વેપાર કરાર છતાં કાર્બન ટેક્સ અંગેની ચિંતા યથાવત્

જો બ્રિટનનું કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ (ઝમ્છૅસ) એટલે કે કાર્બન ટેક્સ ભારત અને બ્રિટન વચ્ચે થયેલા મુક્ત વેપાર કરાર હેઠળ સંમત થયેલા વેપાર લાભોને નબળા પાડે છે એટલે કે ભારતીય નિકાસકારોને નુકસાન પહોંચાડે છે તો ભારત સરકાર દ્વારા યોગ્ય પગલાં ભરવામાં આવશે.ગુરુવારે બંને દેશો દ્વારા હસ્તાક્ષર કરાયેલા વેપાર કરારમાં ઉલ્લેખ નથી કે જાન્યુઆરી ૨૦૨૭માં અમલમાં આવનાર બ્રિટનના કાર્બન ટેક્સ સાથે કેવી રીતે વ્યવહાર કરવામાં આવશે. જો કે, ભારતે આ મુદ્દા પર સતત ચિંતાઓ વ્યક્ત કરી છે અને પ્રસ્તાવિત લેવી હેઠળ સલામતીની માંગ કરી છે. પરંતુ બ્રિટન કહે છે કે કાર્બન ટેક્સ ને મુક્ત વેપાર કરાર માં સમાવી શકાતું નથી કારણ કે લેવી હજુ સુધી લાગુ કરવામાં આવી નથી અને તે પ્રારંભિક તબક્કામાં છે.જો કાર્બન ટેક્સ વેપાર કરાર હેઠળ આવરી લેવામાં આવતા ઉત્પાદનોને પ્રતિકૂળ અસર કરે છે, તો ભારત ખાતરી કરવા માટે પગલાં લેશે કે વેપાર કરાર હેઠળ પૂરી પાડવામાં આવતી બજાર અક્સેસ ઓછી ન થાય.‘ જો કાર્બન ટેક્સ લાગુ કરવામાં આવે છે અને તે કરાર હેઠળ ભારતના વેપાર લાભોને અસર કરે છે, તો ભારતને તેને નવેસરથી સંતુલિત કરવાની સ્વતંત્રતા મળશે.આનો ઉલ્લેખ નોટ વર્બેલ કરવામાં આવ્યો છે. નોટ વર્બેલ એ બંને સરકારો વચ્ચેનો રાજદ્વારી સંદેશાવ્યવહાર છે. તેમણે કહ્યું કે ભારત છૂટછાટો પાછી ખેંચી શકે છે અને જો જરૂરી હોય તો આ માટે એક પદ્ધતિ ગોઠવી શકાય છે.

વેપાર કરારને કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ નામ આપવામાં આવ્યું છે. તેનું લક્ષ્ય ૨૦30 સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૬ બિલિયન ડોલરથી બમણો કરવાનો છે. આ વેપાર કરાર હેઠળ, ભારતમાંથી બ્રિટનમાં થતી ૯૯ ટકા નિકાસ ડ્યુટી ફ્રી હશે, જ્યારે બ્રિટનથી થતી ૯૦ ટકા આયાત ડ્યુટી ફ્રી નહીં હોય.

# કુદરતની કમાલ: ધારીના દિતલા ગામે પાંચ પાનના બીલીપત્રનાં ૩ દુર્લભ વૃક્ષો



શ્રાવણ માસમાં ભગવાન શંકરને બીલીપત્ર ચડાવવાનું વિશેષ મહત્ત્વ છે. બીલીપત્ર ભગવાન શિવને અત્યંત પ્રિય છે. શિવપુરાણમાં ઉલ્લેખ છે કે, ‘બીલીપત્ર શિવનું સ્વરૂપ છે અને તેની પૂજા કરવાથી શિવજી પ્રસન્ન થાય છે.‘ સામાન્ય રીતે બીલીપત્રમાં ત્રણ પાન હોય છે, જ્યારે પાંચ, સાત, નવ અને ૧૧ પાનનાં બીલીપત્ર દુર્લભ માનવામાં આવે છે. ધારીના દિતલા ગામે આવેલી વાડીમાં દુર્લભ એવા પાંચ પાનનાં બીલીપત્રનાં ૩ વૃક્ષો છે. હાલ શ્રાવણ માસમાં આ બીલીપત્ર લેવા ભાવિકોને ભારે ધસારો જોવા મળે છે. બીલીપત્ર મેળવવા ભાવિકોનું વેઈટિંગ ચાલે છે.દિતલા ગામે રહેતા ઉકાભાઈ ભટ્ટી નામના ખેડૂતની વાડીમાં દુર્લભ પ્રકારના બીલીપત્રનાં એક મોટું વૃક્ષ અને બે નાના એમ કુલ ૩ વૃક્ષો છે. આ ત્રણ વૃક્ષો પર પાંચ અને સાત પાનના બીલીપત્ર આવે છે. ઉકાભાઈ ભટ્ટીએ જણાવ્યું કે, ‘બીલીપત્રનાં વૃક્ષ પર પહેલાં ૩ પાનના જ બીલીપત્ર આવતા, પરંતુ બાદમાં બેથી ત્રણ વર્ષ બાદ ચાર પાનનું બીલીપત્ર જોવા મળ્યું અને ૭થી ૮ વર્ષમાં આ બીલીનાં વૃક્ષમાં પાંચ પાનના બીલીપત્ર આવવા લાગ્યા. આ ત્રણેય વૃક્ષમાં કુદરતી રીતે ૯૦ ટકા પાંચ પાનના બીલીપત્ર જોવા મળે છે, જ્યારે ૬થી ૭ ટકા બીલીપત્ર ૭ પાનના છે. આ ઉપરાંત ક્યારેક વૃક્ષ પર ૯ પાનનું અને ૧૧ પાનનું દુર્લભ બીલીપત્ર પણ ખીલે છે.‘ઉકાભાઈ ભટ્ટી દર રવિવારે બીલીના વૃક્ષ પરથી બીલીપત્ર ઉતારી ૧૧-૧૧ બીલીપત્રની જૂડી કરી સોમવારે શિવ મંદિરોમાં જાતે મોકલે છે. તથા જે ભાવિકો મંગાવે તેને ફ્રીમાં મોકલી આપે છે. જ્યારે હાલ શ્રાવણ માસમાં આ દુર્લભ બીલીપત્ર મેળવવા ભાવિકોનો ભારે ધસારો દિતલા ગામે જોવા મળી રહ્યો છે. શ્રાવણ માસમાં રોજ પાંચ પાનના ૫૦૦થી ૬૦૦ બીલીપત્ર ઉતારે છે. આ બીલીપત્ર મેળવવા ભક્તોનું વેઈટિંગ લિસ્ટ ચાલે છે. તેમની વાડીએ આવી ભાવિકો આ દુર્લભ બીલીપત્ર નિઃશુલ્ક રીતે લઈ જાય છે. ફોન કરી અમદાવાદ, રાજકોટ, બરોડા, સુરત રહેતા ભાવિકો પણ આ બીલીપત્ર મંગાવે છે.માન્યતા અનુસાર ૩ પાનનું બીલીપત્ર ભગવાન શિવનાં ત્રિશુલનું પ્રતીક મનાય છે, તો ઘણાં લોકો શિવજીના ત્રિનેત્ર સાથે સરખાવે છે. લોકોની માન્યતા પ્રમાણે બીલીપત્ર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું પ્રતીક છે, જ્યારે પાંચ પાનનું બીલીપત્ર ભગવાન શિવના પાંચ મુખનું પ્રતીક માનવામાં આવે છે, જે શિવના પાંચ રૂપો સદ્યાજાત, વામદેવ, અઘોર, તત્પુરુષ અને ઈશાનનું તેમજ પંચતત્વ-પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશનું પ્રતિનિધિત્વ કરે છે. આમ પાંચ પાનનું બીલીપત્ર શિવ ભક્તિ આધ્યાત્મિક શુદ્ધતા અને બ્રહ્માંડની શક્તિઓ સાથે જોડાણનું પ્રતીક છે, જ્યારે ૭ પાનનું બીલીપત્ર શિવના સાત ગુણો અથવા સપ્ત ઋષિઓનું પ્રતિનિધિત્વ કરે છે. સ્કંદ પુરાણ અનુસાર દેવી પાર્વતીના પરસેવાનું ટીપું મંદરાચલ પર્વત પર પડ્યું અને એમાંથી બીલીપત્રનાં વૃક્ષનું નિર્માણ થયું. માતા પાર્વતીના પરસેવામાંથી ઉત્પન્ન થયેલા બીલીપત્રનાં વૃક્ષ, પાન, મૂળ, થડ, ડાળી બધામાં મા પાર્વતીનો અલગ-અલગ સ્વરૂપે વાસ છે. આમ બીલીપત્રમાં માતા પાર્વતીનું પ્રતિબિંબ તથા સ્વરૂપ હોવાના કારણે બીલીપત્ર શિવજીને અત્યંત પ્રિય છે તેથી શિવલિંગ પર બીલીપત્ર ચઢાવવાથી ભગવાન શિવ પ્રસન્ન થતાં હોવાની માન્યતા છે.શિવપુરાણ અનુસાર, સમુદ્ર મંથનમાંથી નીકળતા વિષને કારણે વિશ્વ સંકટમાં હતું. ત્યારે ભગવાન શિવે બ્રહ્માંડની રક્ષા માટે વિષને ગ્રહણ કર્યું. આ કારણે ભગવાન શિવનાં શરીરનું તાપમાન વધવા લાગ્યું અને સમગ્ર બ્રહ્માંડ આગની જેમ ગરમ થવા લાગ્યું, જેના કારણે પૃથ્વીના તમામ જીવોનું જીવન મુશ્કેલ બની ગયું. સૃષ્ટિના હિતમાં વિષની અસર દૂર કરવા માટે દેવતાઓએ શિવજીને બીલીનાં પાન ખવડાવ્યા હતા. બીલીનાં પાન ખાવાથી વિષની અસર ઓછી થઈ, ત્યારથી ભગવાન શિવને બીલીનાં પાન ચઢાવવાની પ્રથા બની ગઈ.

# લ્યુકેમિયા ભાગ - ૦૩ ડૉક્ટર ઈશાન સાથે મુલાકાત

અમાર અમારો એકના એક દીકરો હતો. સિતારાએ એની મા બનવામાં કોઈ કચાશ રાખી નહોતી. મેં તેની સાથે બીજાં લગ્ન પણ એ શરતે કર્યાં હતાં કે અમે બીજું સંતાન નહિ કરીએ અને તે અમારની મા બનીને રહેશે! તે ભણેલી નહોતી ને હું ગુજરાતીમાં ગ્રેજ્યુએટ થયો હતો. તે ક્યાંયથી મારા લાયક નહોતી પણ હા! તેનો ચહેરો અને સ્વભાવ મારા કરતાં ક્યાંય વધારે સુંદર હતો. તેનો સ્વભાવ જોઈને જ મને તેનાથી પ્રેમ થયો હતો.

સિતારા બધું સમજી રહી હતી. તે ઉતાવળા પગે ચાલી અને મારો હાથ તેના હાથમાં પકડતાં બોલી, ‘તમે કેમ આટલા બધા ગભરાઈ રહ્યા છો? બધું એકદમ બરાબર છે, એવું તમે તો કહ્યું હતું.‘

ન ઈચ્છવા છતાં પણ હું ખોટું બોલવા માટે તૈયાર હતો. તેનો હાથ છોડાવતાં બોલ્યો, ‘હું ક્યાં ગભરાયેલો છું? મને જરા પણ ડર લાગતો નથી. હું તો એકદમ બરાબર છું અને હા, ડૉક્ટર આગળ શાંત રહેજે.‘

‘હું ક્યાં કંઈ બોલી જ છું?‘

તેના આ પ્રશ્નનો મેં કોઈ જવાબ ન આપ્યો અને એટલામાં લાઈફ સેવર હોસ્પિટલનો એન્ટરસ્ ગેટ આવ્યો. તેને પાર કરવા માટે મારો પગ ઉપડતો નહોતો. હાથ ધ્રુજવા લાગ્યા એટલે અમાર પૂછવા લાગ્યો, ‘પપ્પા, તમને શું થઈ રહ્યું છે?‘

આ માસૂમના પ્રશ્નનો શું જવાબ આપવો? એટલામાં આંખમાં એક આંસુની બુંદ છલકાવાની તૈયારીમાં હતી પણ અમારનો હાથ પકડીને મેં ઉતાવળમાં પગ ઉપાડીને હોસ્પિટલમાં એન્ટ્રી કરી.

હોસ્પિટલમાં પગ મૂકતાંની સાથે જ મારું હૃદય ટ્રેનની ગતિએ ધબકારામાં ડૂબી ગયું. ધકધક ધકધકનો અવાજ મારા કાનમાં ગુંજવા લાગ્યો. એક એક ડગલું જાણે ધગધગતા અંગારા ઉપર મૂકતો હોઉં એમ અસહ્ય પીડાના જોરે પગ આગળ ઉપાડી રહ્યો હતો. મનમાં ઘણું બધું એક સામટું ચાલ્યા કરતું હતું પણ અશુભ સમાચાર શું મળવાના હતા, એના વિચારો જ જીવને હચમચાવી દેતા હતા.




લાઈફ સેવર હોસ્પિટલની દરેક દિવાલ ઉપર જિંદગીની જંગ દ્રશ્યમાન થઈ રહી હતી. તેની ઉપર લગાવેલી એક એક ફ્રેમ જોઈને જિંદગી પુનઃ મળવાની રોશની અને બીજી તરફ તેને દાવ ઉપર લગાડવાનો ડર! બંને એક સામટા નજર આગળ ભમવા લાગ્યા હતા.

અમારનો સુંવાળો હાથ મારા હાથમાંથી જાણે ધીરે ધીરે છૂટી રહ્યો હોય એવો ભાસ થયો. ભાસની સાથે જ તેની તરફ જોઈને તેને મજબૂતાઈથી પકડી લીધો. સિતારા મારી આ હરકતને જોઈ રહી પણ કશુજ બોલી નહિ! તેની આંખમાં આંખ પરોવવાની હિંમત મારામાં નહોતી, એટલે વારંવાર તેનાથી આંખ મેળવવાથી બચવાના પ્રયાસ કરી રહ્યો હતો.

અમારના હાથમાં આજે જરૂરથી વધારે ગરમાહટ હતી, જે હવે મને વધારે ડરાવવા લાગી હતી. સિતારા મારી પાસે આવી અને બોલી,

‘ડૉકટરનું કેબિન આવી ગયું છે અને આપણો નંબર પણ આવી ગયો છે.‘

‘શું! આપણો નંબર પણ આવી ગયો?‘ મેં તૂટક તૂટક અવાજમાં પૂછ્યું.

જાણે મારા અવાજમાં રહેલી નમીને સિતારા પારખી ગઈ હોય એમ, ‘આપણો અમાર બરાબર તો છે ને? કોઈ સિરિયસ વાત તો નથી ને!‘

એને હવે કેવી રીતે જવાબ આપુ એ મને સમજાઈ રહ્યું નહોતું. બસ હું ચૂપ રહ્યો. જાણે એને મારી ચૂપી ભાખી લીધી હોય એમ બોલી, ‘મને હવે ડર લાગી રહ્યો છે. તમે કંઈક તો બોલો!‘

‘શેનો ડર લાગી રહ્યો છે? ડર લાગવા જેવું કશું જ નથી. તું ખોટી ડરી રહી છે અને મને પણ ડરાવી રહી છે. તું યાર થોડીક વાર ચૂપ બેસને.‘ આજે મારા અવાજમાં તીખાશ હતી. જે સાંભળીને હવે સિતારા બોલ્યા વગર રહી ન શકી, ‘તમે નક્કી મારાથી કંઈક છુપાવી રહ્યા છો.‘

‘અને તને એવું કેમ લાગે છે?‘ આ વખત પણ મારો તૂટક અવાજ જ નીકળ્યો.

‘એની ખાતરી તમારો તૂટક અવાજ આપી રહ્યો છે. તમે કહી રહ્યા છો કે બધું બરાબર છે. તેમ છતાં પણ તમારો આ તૂટક અવાજ કેમ નીકળી રહ્યો છે? આજ સુધી તમે ક્યારેય મારી સાથે આવા તીખાશ ભર્યા અવાજમાં વાત કરી નથી! તો આજે આટલી સખ્તાઈથી વાત કરવાનો અર્થ શું છે?‘

તેના આ પ્રશ્નનો મારી પાસે કોઈ જવાબ ન હતો. હું કંઈ બોલું એની પહેલાં બેલ વાગ્યો. નર્સ મારી પાસે આવી અને બોલી,

‘મિસ્ટર ચૌધરી, તમને ડૉક્ટર ઈશાન અંદર બોલાવી રહ્યા છે.‘

મારું ધ્યાન નહોતું એટલે નર્સની વાત બરાબર સાંભળી ન શક્યો. સિતારા મારા હાથ ઉપર હાથ મૂકતાં બોલી, ‘શિવ, તમે કેમ આટલા બધા ચિંતિત થઈ રહ્યા છો? બધું એકદમ બરાબર છે. તમે શા માટે ચિંતા કરી રહ્યા છો?‘

તેના હાથના સ્પર્શને લીધે હું ફરી પાછો સજીવન થયો ‘ને બોલી પડ્યો, ‘કહ્યું તો ખરા કે બધું બરાબર છે.‘

‘હા, એ તો મને ખ્યાલ છે. ડૉકટર ઈશાન આપણને અંદર બોલાવી રહ્યા છે.‘

‘આપણો નંબર આવી ગયો?‘

‘હા! નર્સ તમને કહીને ગઈ છે.‘

‘ક્યારે?‘

‘હમણાં એક મિનિટ પહેલાં.‘

‘હા તો આપણે અહીં કેમ બેસી રહ્યાં છીએ? ચાલો અંદર...‘ છેલ્લે આટલું બોલતાં હું અટકી ગયો.

નાખુશ નજરે અમાર તરફ જોયું. એણે મને હળવું સ્મિત આપ્યું. હું ન ઈચ્છવા છતાં પણ એની તરફ જોઈને હળવું હોઠમાં હસ્યો. હાથ નીચે રહી જ ન શક્યો. એના માથા પર મૂકીને ખૂબ વ્હાલથી ફેરવ્યો. અંતરમન ચીખીચીખીને કહી રહ્યું હતું, ‘ઈશ્વર તારી ઉંમર હજાર વર્ષની કરે. નર્સે જે ખરાબ સમચારની વાત કરી હતી, એ સમાચાર સારા સમાચારમાં બદલાઈ જાય.‘

હિંમત કરીને ઊભો થયો. અમારનો હાથ હાથમાં પકડ્યો અને ખૂબ જ પ્રેમથી તેને પકડીને ચાલ્યો. ડૉકટર ઈશાનનું કેબિન વધારે દૂર નહોતું. માત્ર ત્રણ-ચાર કદમની દુરી હતી. તેમ છતાં કેબિન સુધી પહોંચવામાં બે મિનિટ લગાડી દીધી. કેબિનનો દરવાજો ખોલવાની હિંમત નહોતી. સિતારાએ દરવાજાને ખોલ્યો.

સામે ડૉકટર દેખાયા; અંદર જવા માટે તો પગ ઉપડે એમ નહોતા, તેમ છતાં પણ ડૉકટરની ખુરશીના પાછળ લાગેલા ફોટાએ મારી હિંમત વધારી. ફોટામાં ડૉકટર યમરાજ પાસેથી બાળકનો જીવ બચાવીને પાછા લાવી રહ્યા હતા એવું સુંદર ચિત્ર ટિંગાળેલું હતું.

ક્રમશ.... (વાંચો દર સોમવારે)

# રાજ્યમાં શાંતિ અને સામાન્યતા પાછી ફરી રહી છે: મણિપુર રાજ્યપાલ

ઈમ્ફાલ,

મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ શનિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકાર, સશસ્ત્ર દળો અને નાગરિક સમાજ સંગઠનોના સહયોગી પ્રયાસોથી રાજ્યમાં શાંતિ અને સામાન્યતા પાછી ફરી રહી છે.

તેઓ કારગિલ વિજય દિવસની ૨૬મી વર્ષગાંઠ નિમિત્તે ઈમ્ફાલમાં આયોજિત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા.

મણિપુરમાં વંશીય હિંસામાં ઘણા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને હજારો લોકો બેઘર બન્યા છે. સરકારે કટોકટીનો ઉકેલ લાવવા અને શાંતિ અને વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે વિવિધ પગલાં લીધા છે. રાજ્ય પોલીસ અને સશસ્ત્ર દળોની સંયુક્ત ટીમોના સંયુક્ત ઓપરેશન છેલ્લા કેટલાક મહિનાઓમાં અસંખ્ય હથિયારો અને દારૂગોળો મેળવવામાં સફળ રહ્યા છે.

×સરકાર, સશસ્ત્ર દળો અને નાગરિક સમાજ સંગઠનોના સહયોગી પ્રયાસોથી રાજ્યમાં શાંતિ અને સામાન્યતા પાછી ફરી રહી છે. ×તાજેતરના મહિનાઓમાં સાયબર-સુવિધાયુક્ત યોજનાઓ અને લશ્કરી જૂથોને ભંડોળ પૂરું પાડવા સહિત ખંડણીમાં સામેલ અસંખ્ય બળવાખોરોની ધરપકડ કરવામાં આવી છે,× તેમણે જણાવ્યું.

મણિપુર પોલીસે ફરિયાદોને સુવ્યવસ્થિત કરવા અને નાગરિકોને ગેરકાયદેસર માંગણીઓથી બચાવવા માટે રાજ્ય પોલીસ, સીએફ, આસામ રાઈફલ્સ અને સેનાને એકસાથે લાવવા માટે એક ખંડણી વિરોધી સેલ અને ગુપ્ત હેલ્પલાઈન શરૂ કરી છે, એમ તેમણે ઉમેર્યું.

ખોરાક અને દવાઓનો આવશ્યક પુરવઠો સુનિશ્ચિત કરવા માટે, રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર, પહાડી અને ખીણ જિલ્લાઓમાં અનેક ચેકપોઈન્ટ વ્યૂહાત્મક રીતે સ્થાપિત કરવામાં આવ્યા છે. રાજ્યપાલે ઉમેર્યું કે, સમુદાય સંપર્ક સાથે આ સંયુક્ત પ્રયાસો સતત સશસ્ત્ર નેટવર્કને તોડી રહ્યા છે, ખંડણીને કાબુમાં લઈ રહ્યા છે અને નાગરિક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરી રહ્યા છે.

×વધુમાં, વિસ્થાપિત લોકો આશા અને કુશળતા પાછી મેળવે તે સુનિશ્ચિત કરવા માટે ઘણી પહેલ કરવામાં આવી રહી છે.

# ઈરાન આતંકવાદી હુમલો: ઝાહેદાનમાં ન્યાયતંત્રની ઈમારત પર બંદૂકધારીઓનો હુમલો, ૩ હુમલાખોરો સહિત ૮ લોકોના મોત

ઝાહેદાન,

એક મોટા ઘટનાક્રમમાં દક્ષિણપૂર્વ ઈરાનમાં સિસ્તાન-બલુચેસ્તાન પ્રાંતની રાજધાની ઝાહેદાનમાં સશસ્ત્ર આતંકવાદીઓએ ન્યાયતંત્રની ઈમારત પર હુમલો કર્યો ત્યારે એક ઘાતક આતંકવાદી હુમલો થયો. ઈરાનના રાજ્ય મીડિયા અનુસાર, આ હુમલામાં ઓછામાં ઓછા આઠ લોકો માર્યા ગયા, જેમાં પાંચ નાગરિકો અને ત્રણ હુમલાખોરોનો સમાવેશ થાય છે.

સુન્ની આતંકવાદી જૂથ જૈશ અલ-અદલે, જે અશાંત પ્રદેશમાં સક્રિય છે, તેણે અર્ધ-સત્તાવાર ફાર્સ ન્યૂઝ એજન્સી દ્વારા ટાંકવામાં આવેલા એક નિવેદન દ્વારા હુમલાની જવાબદારી સ્વીકારી. સાક્ષીઓએ કોર્ટહાઉસની આસપાસ ગોળીબાર અને વિસ્ફોટોનો અવાજ સાંભળ્યો હોવાનું જણાવ્યું હતું, અને એવા સંકેતો છે કે હુમલામાં આત્મઘાતી બોમ્બરનો સમાવેશ થઈ શકે છે.

ન્યાયતંત્રના સત્તાવાર ન્યૂઝ પોર્ટલ મિઝાન ઓનલાઈન અનુસાર, બંદૂકધારીઓએ મધ્ય ઝાહેદાનમાં ન્યાયતંત્ર સંકુલની અંદર ન્યાયાધીશોના ચેમ્બરમાં હુમલો કર્યો હતો. મેહર ન્યૂઝ એજન્સી અને ઈરાનની રાજ્ય સંચાલિત સમાચાર સેવાૈંઈદ્બછ એ પુષ્ટિ આપી છે કે ઓછામાં ઓછા ૧૩ લોકો ઘાયલ થયા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

માનવાધિકાર સંગઠન ૐછછન્ફજીૐ, જે બલુચ પ્રદેશનું નિરીક્ષણ કરે છે, એ અહેવાલ આપ્યો છે કે હુમલા દરમિયાન ઘણા ન્યાયતંત્ર અધિકારીઓ અને સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા હતા અથવા ઘાયલ થયા હતા.

સુરક્ષા દળોએ ઝડપથી પ્રતિક્રિયા આપી અને હુમલાખોરોને બેઅસર કરવામાં સફળ રહ્યા. અધિકારીઓએ મુકાબલા દરમિયાન ત્રણ આતંકવાદીઓના મોતની પુષ્ટિ કરી.

પ્રાદેશિક તણાવ અને પૃષ્ઠભૂમિ

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સાથે ઈરાનની સરહદ પર સ્થિત સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંત લાંબા સમયથી વંશીય, ધાર્મિક અને રાજકીય અશાંતિનું કેન્દ્ર રહ્યો છે. આ પ્રદેશ મુખ્યત્વે સુન્ની મુસ્લિમ બલુચ લઘુમતીઓનું ઘર છે, જેમણે વારંવાર આર્થિક હાંસિયામાં ધકેલાઈ જવા અને રાજકીય પ્રતિનિધિત્વના અભાવ અંગે ફરિયાદો વ્યક્ત કરી છે.

ઈરાન દ્વારા નિયુક્ત આતંકવાદી જૂથ જૈશ અલ-અદલ, ભૂતકાળમાં ઈરાની સુરક્ષા દળો અને સરકારી સંસ્થાઓને નિશાન બનાવતા અનેક હાઈ-પ્રોફાઈલ હુમલાઓમાં સામેલ રહ્યું છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




પરાકાષ્ઠા
**NOGG SS no 351**
વિષય: પરાકાષ્ઠા
શીર્ષક: પરાકાષ્ઠા
પ્રકાશ: ગદ્ય શબ્દ: ૧૭૯

એટલે સર્વોચ્ચ સ્થિતિ, ઉત્તમ પરિસ્થિતિ, એક એવો સંબંધ જેમાં પરાકાષ્ઠા મિત્રતાને એક ઊંચાઈ ઉપર લઈ જાય છે મિત્રતાની કોઈ વ્યાખ્યા ન હોય પણ જ્યારે મિત્રતા વગર સ્વાર્થની હોય તો તે મિત્રતા પરાકાષ્ઠા સુધી પહોંચે એક એવો સંબંધ જેમ કે સુદામા કૃષ્ણ એકબીજા પાસે કશું માંગતા નથી, ને બધું આપે પણ તે જણાવતો નથી, આમાં કોઈ લેવડદેવડ નથી મિત્રની પરાકાષ્ઠા એવી હોય છે જાણે એ બધું જ આપ્યા જ કરે સામે બીજો કંઈ આપી શકે નહીં આજકાલ તો સંબંધમાં પ્રત્યક્ષ કે પરોક્ષ ઓછા વધુ સ્વાર્થ જ હોય છે આ સ્વાર્થ તો ભૌતિક કે માનસિક હોય સુદામાજીને ખબર નહોતી શ્રીકૃષ્ણ એમણે કેટલું આપ્યું છે શ્રીકૃષ્ણ એક દ્વારિકાના રાજા હોવા છતાં એમના મિત્ર સુદામાના સત્કારમાં એમના પગ પખાળી એમનું સ્વાગત કરે છે માન સન્માન આપે છે જ્યાં સુદામા કેવલ મુઠ્ઠી ભરીને પોહા અર્પણ કરે છે આ છે મિત્રતાની પરાકાષ્ઠા.

જો જીવનમાં સંબંધ કોઈપણ હોય જે નિભાવી જાણે તે એ સંબંધને પરાકાષ્ઠા સુધી લઈ જાય જેમ એક યોગની પરાકાષ્ઠા સમાધિ છે એમ દરેક સંબંધ જો હૃદયથી નિખાલસપણે નિભાવવામાં આવે તો એ આપણો સંબંધ પરસ્પરના હિતોથી જ મૂલ્યવાન બને.

જયશ્રી વાઘેલા (મુંબઈ)

**NOG SS NO 184**
વિષય :-પરાકાષ્ઠા
શીર્ષક :-ભક્તિ માર્ગ
પ્રકાર :-પદ્ય - શબ્દ :- ૧૦૬

મુરલી, મોરપીંછ ને મુરલીધર સંગ થઈ જવું અંગત;
રાધાજી, રુક્મિણીજી, મીરાંજી ને નરસિંહજીની ધૂનની રંગત.
રામજીના નામે, સીતાજીની હામે, લક્ષ્મણજીના સંગાથે;
હનુમાનજી, વિભીષણ, સુ?ગ્રીવ ને જટાયુની કેવી સંગત.

શિવજીને વંદન, પાર્વતીજીને નમન, ત્રિશૂલ અને ડમરુ;
ગણેશજીની વંદના, ઘરે ગણેશજીની સ્થાપના પરંપરાગત.

પ્રાર્થના, પૂજા, આરતી, ભજન, દીવો, શંખનાદ ને પ્રસાદ;
પ્રભુના નામનું નિત્ય સ્મરણ એ મારી નિષ્ઠાનું જગત.

અગરબત્તી, ઢોલ, નગારાં, ઘંટ, ખંજરી, બંસરી ને ઘંટડી;
જાતને ભૂલી પ્રભુભક્તિની પરાકાષ્ઠા એ જીવન જ સુસંગત.

પ્રભાતથી સ્મિત, સર્વના સુખનું સંગીત, દુઃખના નાશનું ગીત;
અબોલ જીવસેવા, વૃક્ષ વાવણી, ભક્તિમાર્ગની પરાકાષ્ઠા સ્વગત.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'
**NOGSS No. 181**

વિષય પરાકાષ્ઠા

શીર્ષક: પંચ પરાકાષ્ઠા

પ્રકાર: ગદ્ય શબ્દો:૧૯૧

પંચ પરાકાષ્ઠા

પરાકાષ્ઠા એટલે સર્વોચ્ચ સ્થિતિ કે પછી છેવટની હદ

પહેલી પરાકાષ્ઠા બાળપણની સર્વોચ્ચ સ્થિતિ પ્રેમ મેળવવાની
ખૂબ લાડકોડ, પ્રેમ મેળવવાનો અધિકાર, કોઈ જમાડે, તેડીને રમાડતા રહે , ભવિષ્યથી બેપરવાહ પણ નિર્ભય જીવન..

બીજી પરાકાષ્ઠા જ્ઞાન મેળવવાની સર્વોચ્ચ સ્થિતિ
ભણતરની ઉત્સુકતા,વિષય,કૌતુક,આશ્ચર્ય,
જીજ્ઞાસા ,આવિષ્કાર, પરિણામ,
વર્તમાનના પ્રયોગો વાળું નિર્ભર જીવન...

ત્રીજી પરાકાષ્ઠા ધનાઢય થવાની સર્વોચ્ચ સ્થિતિ
ધન મેળવવાની તથા તેના ઉપયોગની કમાણી, બચત, રોકાણ, અને ખર્ચ આ ધનને કમાવવા, રોકવા બચાવવા,ભવિષ્યને સતત સાચવવામાં વ્યસ્ત અને ચિંતાગ્રસ્ત જીવન...

ચૌથી પરાકાષ્ઠા નામના મેળવવાની સર્વોચ્ચ સ્થિતિ
સમાજમાં, દેશમાં, દુનિયામાં કોઈ ધર્મ, કર્મ , વેપાર, શિક્ષણ, કે રાજકારણ દ્વારા પ્રસિદ્ધિ મેળવવાની ,ભૂત ભવિષ્ય,
વર્તમાનનું પ્રગતિ માટે ચિંતિત પણ વ્યક્તિગત સફળ જીવન...

પાંચમી પરાકાષ્ઠા પ્રેમ મેળવવાની અને પામવાની સર્વોચ્ચ સ્થિતિ, લેવા કરતાં વધારે આપવાની સ્થિતિ, શાસન કરવા કરતાં સેવા આપી સમર્પણ કરવાની સ્થિતિ, લાગણીઓની અભિવ્યક્તિની સ્થિતિ, પ્રેમ પામવા માટે ત્યાગ આપવાની સ્થિતિ, ધન હોવા છતાં તનથી મનને આત્મ સમર્પણ કરવાની સ્થિતિ, અધિકાર હોવા છતાં સ્વીકાર કરી લેવાની સ્થિતિ, ઉત્કંઠા વધી જાય ત્યારે ઉન્માદ ને રોકી રાખવાની સ્થિતિ પ્રસિદ્ધિ થી સિદ્ધિ સુધી પહોંચવાની સ્થિતિ,
પ્રેમની અભિવ્યક્તિમાં એની ઘેલછામાં,
એના અનુભવમાં દુન્યવી જંજાળથી નિશ્ચિંત જીવન...

પાંચેય પરાકાષ્ઠા એ છેવટની હદના દાયરામાં રહીને પણ જીવન તબક્કે સર્વોચ્ચ સ્થાને છે.

સુરમી બધેકા કૌસુમી મુંબઈ
**NOG SS No. 347**
વિષય:- પરાકાષ્ઠા
શીર્ષક:- સૃષ્ટિની પરાકાષ્ઠા
પ્રકાર:- પદ્ય. શબ્દો:- ૪૯

પરાકાષ્ઠા સૃષ્ટિની એટલી,
ન મળે કશું તોય આપે ઘણું!
મળે ધરતીને માત્ર એક નાનું બીજ,
આપી દે એ માનવીને મબલખ પાક!
ધન્ય તારી પરાકાષ્ઠા ઓ સૃષ્ટિ!
વધારે પ્રદુષણ માનવી કેટલુંય,
તુ ન ભૂલે આપવાનું એને પ્રાણવાયુ!
લાવી વરસાદ આપે તુ પાણી માનવીને,
અનાજ અને ફળોરૂપે આપે તુ જીવન માનવીને!

સ્નેહલ જાની, સુરત
દ્ર જીજી દ્ર. ૩૮૪
વિષય:- પરાકાષ્ઠા
શીર્ષક :જીવન પરાકાષ્ઠા
પ્રકાર:-પદ્ય.
શબ્દો-૧૧૬.

ખરતું પાન ફરી કૂંપળ બનવા આતુર ,
હદ અને સરહદ નો અંત એટલે પરાકાષ્ઠા.
બાળક ની હરકતને ઉંમર ક્યાં નડે! ,
ઉંમર વટાવી ચુક્યો તોયે ચુકે પરાકાષ્ઠા.
મનનો મલિન ના નીકળ્યો કયારેય ,
ગંગાજી જઈને ડૂબકી લગાવી કરે પરાકાષ્ઠા.
આરામ કરવા નો સમય છે છતાં કરે હરામ ,
બેકાબુ થાય અને બ્લડ પ્રેશર પહોંચે પરાકાષ્ઠા.
પ્રેમ પૂર્વક જીવન જીવવું એ માનવતા કહેવાય ,
સાવ માનવતાને નેવે મૂકે પરાકાષ્ઠા.
સ્વાભાવ ને કેળવવાનો સમય હતો ,
મૂર્તિ બનવું નથી પગથિયાં બનવું એ પરાકાષ્ઠા.
સમુન્દર ની જેમ વિશાળ બન્યો હોત તો સારું !
સૂર્ય તેજ ને ગ્રહણ ન થયું પણ ભસ્મ થઈ ગયું પરાકાષ્ઠા.
પડાવ શરૂ થયો ત્યારે ક્યાં ખબર હતી ,
અંતિમ પડાવ આવ્યો ત્યારે સમય હતો પરાકાષ્ઠા.
ડો સતિષ એસ.પટેલ ×પ્રકૃતિ રક્ષક × અમદાવાદ.

# સિહોર : ૭૫ વર્ષ જૂના ટાઉન હોલના હાલ બેહાલ, ફાયર સેફ્ટીના સાધનોનો અભાવ




સિહોર : સિહોર નગરપાલિકા સંચાલિત ૭૫ વર્ષ જૂના ટાઉન હોલના હાલ બેહાલ થઈ ગયા છે. ફાયર સેફ્ટી જેવી પ્રાથમિક સવલત પણ ટાઉન હોલમાં ન રાખી સરકારી નિયમોનો જ ખૂદ સરકારી તંત્ર ઉલાળિયો કરી રહ્યું છે.સિહોરમાં રૂ.૮૩,૩૭૫ રૂપિયાના દાતાઓના આર્થિક યોગદાનથી નાગરિક સભા ગૃહનું નિર્માણ કરી તત્કાલિન કેન્દ્રીય નાણાંમંત્રી મોરારજીભાઈ દેસાઈના હસ્તે ગત ૨૭મી ડિસેમ્બર ૧૯૬૦ના રોજ ઉદ્ઘાટન કરાયું હતું. જનતાની સુવિધા અને સરકારી તંત્રને આવકનો નવો સ્ત્રોત મળી રહે તે હેતું સાથે બનાવવામાં આવેલા ટાઉનહોલ (નાગરિક સભા ગૃહ)ને નગરપાલિકા તંત્રની આળસનો લુણો લાગ્યો છે. ફાયર સેફ્ટી, ખુરશીઓ, લાઈટની પૂરતી સુવિધા ઉપલબ્ધ ન હોવા છતાં પણ ન.પા.ને માત્ર રોકડી કરવામાં જ રસ હોય તેમ જાદુગરના કાર્યક્રમો માટે ટાઉનહોલ ભાડે આપવામાં આવ્યો છે. જાદુગરનો શો બંધ બારણે થતો હોય, જો કોઈ શોર્ટ સર્કિટ કે આગની ઘટના બને તો બાળકો, મહિલાઓ અને અન્ય લોકોનો જીવ જોખમમાં મુકાઈ તેમ છે. જાગૃત નાગરિકો દ્વારા આ અંગે ચીફ ઓફિસર અને પ્રાંત અધિકારીને વાંધા અરજી પણ અપાઈ છે.

# શેર માર્કેટમાં ટ્રેડિંગ કરી વધુ નફાની લાલચ આપી રૂા. ૪૯ લાખની ઠગાઈ




રાજકોટ: નાનામવા રોડ પર સુવર્ણભૂમિ એપાર્ટમેન્ટમાં રહેતા અને મેટોડા જીઆઈડીસીમાં આવેલી શિલ્પન સ્ટીલ કાસ્ટ પ્રા.લી.માં માર્કેટિંગ ડીપાર્ટમેન્ટમાં નોકરી કરતાં રાજીવ પ્રમોદભાઈ મિશ્રા (ઉ.વ.૫૬)ને અજાણ્યા શખ્સોએ વોટ્સએપમાં શેર માર્કેટમાં ટ્રેડિંગની ટીપ્સ આપી એક લિંક મારફતે તેનું રજીસ્ટ્રેશન કરી શેર માર્કેટમાં ટ્રેડિંગ કરી વધુ નફો આપવાનું કહી અલગ-અલગ ત્રણ બેન્ક એકાઉન્ટમાં રૂા. ૪૯.૮૦ લાખ ટ્રાન્સફર કરાવી લઈ છેતરપિંડી કર્યાની સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે રાજીવ મિશ્રાની ફરિયાદ પરથી અલગ-અલગ બેન્કનાં ત્રણ અજાણ્યા ખાતાધારકો સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.રાજીવભાઈએ પોલીસને જણાવ્યું કે ત્રણ માસ પહેલા તેના વોટ્સએપમાં અજાણ્યા શખ્સે તેને વોટ્સએપનાં એક ગ્રુપમાં એડ કર્યા હતાં. જે ગ્રુપમાં શેર માર્કેટમાં ટ્રેડિંગ, બ્લોક ચેઈન અને આઈપીઓ વગેરેમાં ટ્રેડિંગ બાબતેની માહિતી શેર કરવામાં આવતી હતી. બે-ત્રણ અઠવાડિયા માહિતી જોતાં ગ્રુપનાં સભ્યો પ્રોફીટ કરેલ બાબતોની માહિતી શેર કરતાં હતાં. ત્યારબાદ વોટ્સએપમાં અજાણ્યા નંબર પરથી કોલ આવતાં કોલ કરનાર દ્વારા જણાવવામાં આવેલ આધાર કાર્ડ સહિતના ડોક્યુમેન્ટ તેને આપ્યા હતાં.ત્યારબાદ તેને એક વેબલિંક પર તેના મોબાઈલ નંબર પરથી એકાઉન્ટ બનાવી અપાયું હતું અને નાણાં ટ્રેડિંગ કરવા અને બે ગણો નફો આપવાનું જણાવાયું હતું. ત્યારબાદ તેને શેર માર્કેટમાં ઈન્વેસ્ટ કરવાનું જણાવી બેન્ક એકાઉન્ટની માહિતી આપતાં બેન્ક મારફતે રકમ આરટીજીએસથી જમા કરી હતી. આ ટ્રાન્જેકશનનો સ્ક્રીન શોર્ટ તેણે આરોપીને મોકલતાં ટ્રાન્જેકશન કરેલી રકમ તેના એકાઉન્ટમાં જમા થઈ ગઈ હતી. ત્યારબાદ અજાણ્યા આરોપી વોટ્સએપ કોલ અને મેસેજ કરી ટ્રેડિંગ માટે ક્યા શેર ખરીદવા છે અને તે ક્યારે વેચવાના કહેતો હતો. આ લિંકથી બનાવેલ એકાઉન્ટમાં ટ્રેડિંગ કરવા માટે એક કોડ અપાયો હતો. જે એપ્લાય કરીને શેરની ખરીદી કરી શકાતી હતી. આ બાબતની માહિતી પણ વોટ્સએપ ઉપર જ આવતી હતી. અજાણ્યા શખ્સે પોતાનું નામ મેઘલ શાહ હોવાનું જણાવ્યું હતું. તેણે અલગ-અલગ બેન્ક એકાઉન્ટ રૂા. ૪૯.૮૦ લાખ ટ્રેડિંગ માટે જમા કરાવ્યા હતાં. જે નાણાં પરત મેળવવા તેના એકાઉન્ટમાં વિડ્રો રિકવેસ્ટ નાખી હતી. પરંતુ અજાણ્યા શખ્સે વોટ્સએપમાં મેસેજ કરી પ્રોફેશનલ ફી ભરવાનું જણાવતાં ફ્રોડ થયાની શંકા જતાં સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# અમેરિકાએ મ્યાનમાર પરના કેટલાક પ્રતિબંધો હટાવ્યા, કહ્યું કે જનરલના ટ્રમ્પને લખેલા પત્ર સાથે કોઈ સંબંધ નથી

વોશિંગટન,
યુનાઈટેડ સ્ટેટ્સે મ્યાનમારના શાસક જનરલોના ઘણા સાથીઓ પરના પ્રતિબંધોના હોદ્દા હટાવી લીધા છે, જે ભૂતપૂર્વ બિડેન વહીવટ હેઠળ લાદવામાં આવ્યા હતા.
ગુરુવારે યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટની જાહેરાત મ્યાનમારના શાસક જુન્ટાના વડાએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રશંસા કરતા અને ટેરિફ ચેતવણીના જવાબમાં પત્રમાં પ્રતિબંધો હળવા કરવાની હાકલ કર્યાના બે અઠવાડિયા પછી આવી. વહીવટી અધિકારીઓએ જણાવ્યું હતું કે પત્ર અને પ્રતિબંધોના નિર્ણય વચ્ચે કોઈ સંબંધ નથી.
યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટની એક નોટિસમાં કહેવામાં આવ્યું છે કે કેટી સર્વિસીસ એન્ડ લોજિસ્ટિક્સ અને તેના સ્થાપક, જોનાથન મ્યો ક્યાવ થાંગ; એમસીએમ ગ્રુપ અને તેના માલિક આંગ હ્લેઈંગ ઓ; અને સનટેક ટેક્નોલોજીસ અને તેના માલિક સીટ તાઈંગ આંગ; અને અન્ય એક વ્યક્તિ, ટીન લેટ મીનને યુએસ પ્રતિબંધોની યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે.
ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે તે કહેવાનો ઈનકાર કર્યો હતો કે વ્યક્તિઓને સૂચિમાંથી કેમ દૂર કરવામાં આવ્યા હતા.
રોઈટર્સને આપેલા એક નિવેદનમાં, ડેપ્યુટી ટ્રેઝરી સેક્રેટરી માઈકલ ફોલ્કેન્ડરે જણાવ્યું હતું કે: "આ કિસ્સામાં પણ વ્યક્તિઓને નિયમિતપણે ખાસ નિયુક્ત નાગરિકો અને અવરોધિત વ્યક્તિઓની યાદી (જીઢ્ઢ યાદી) માંથી ઉમેરવામાં આવે છે અને દૂર કરવામાં આવે છે."
આ મહિનાની શરૂઆતમાં, ટ્રમ્પ દ્વારા આદેશિત આયાત ટેરિફના સ્લેટના ભાગ રૂપે, મ્યાનમારને ૧ ઓગસ્ટથી અમલમાં આવનાર ૪૦% ટેરિફની સૂચના આપવામાં આવી હતી.
૧૧ જુલાઈના રોજ, મ્યાનમારના શાસક લશ્કરી જનરલ, મીન આંગ હ્લેઈંગે ૧૦% થી ૨૦% સુધીના ઘટાડાનો દર પ્રસ્તાવિત કરીને પ્રતિક્રિયા આપી હતી, જેમાં મ્યાનમારે યુ.એસ. આયાત પરનો વેરો શૂન્યથી ૧૦% સુધી ઘટાડ્યો હતો. તેમણે કહ્યું હતું કે જો જરૂર પડે તો તેઓ વોશિંગ્ટનમાં વાટાઘાટ ટીમ મોકલવા માટે તૈયાર છે.
"વરિષ્ઠ જનરલે રાષ્ટ્રપતિના મજબૂત નેતૃત્વને સ્વીકાર્યું હતું કે તેઓ તેમના દેશને સાચા દેશભક્તની ભાવના સાથે રાષ્ટ્રીય સમૃદ્ધિ તરફ દોરી ગયા છે," મ્યાનમારના રાજ્ય મીડિયાએ તે સમયે જણાવ્યું હતું.
મીન આંગ હ્લેઈંગે ટ્રમ્પને "મ્યાનમાર પર લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધોને હળવા કરવા અને હટાવવા પર પુનર્વિચાર કરવા કહ્યું, કારણ કે તે બંને દેશો અને તેમના લોકોના સહિયારા હિતો અને સમૃદ્ધિમાં અવરોધ ઉભો કરે છે."
ટ્રમ્પ વહીવટીતંત્રના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રતિબંધો હટાવવાનો નિર્ણય જનરલના પત્ર સાથે સંબંધિત નથી. "પ્રતિબંધો હટાવવાનો નિર્ણય અગાઉના વહીવટમાં શરૂ થયેલી લાંબી પ્રક્રિયાને પ્રતિબિંબિત કરે છે," અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું. "આ નિર્ણયો અને પત્ર વચ્ચે કોઈ સંબંધ નથી."વ્હાઈટ હાઉસના પ્રવક્તા અન્ના કેલીએ જણાવ્યું હતું કે પ્રતિબંધો હટાવવા "છેલ્લા વર્ષમાં પ્રમાણભૂત ટ્રેઝરી કોર્સ ઓફ બિઝનેસ અનુસાર એકત્રિત કરવામાં આવ્યા હતા."
હ્યુમન રાઈટ્સ વોચના એશિયા એડવોકેસી ડિરેક્ટર જોન સિફ્ટને પ્રતિબંધોના પગલાને "અત્યંત ચિંતાજનક" ગણાવ્યું. "આ કાર્યવાહી સૂચવે છે કે યુ.એસ. નીતિમાં મોટો ફેરફાર થઈ રહ્યો છે, જે મ્યાનમારના લશ્કરી શાસન સામે દંડાત્મક કાર્યવાહી પર કેન્દ્રિત હતી," તેમણે ઈમેઈલ કરેલી ટિપ્પણીઓમાં જણાવ્યું હતું. મ્યાનમારની સેનાએ ૨૦૨૧ માં લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારને ઉથલાવી દીધી હતી અને માનવતા વિરુદ્ધના ગુનાઓ અને નરસંહારમાં ફસાયેલી છે.
કેલીએ હ્યુમન રાઈટ્સ વોચની ટિપ્પણીઓને "બનાવટી સમાચાર" તરીકે ફગાવી દીધી હતી અને ટ્રમ્પ વહીવટીતંત્રના બીજા વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રતિબંધોના નિર્ણયો મ્યાનમાર પ્રત્યે યુએસ નીતિમાં વ્યાપક પરિવર્તનનો સંકેત આપતા નથી.

# ધાનેરા નગરપાલિકા દ્વારા ગેરકાયદેશર બાંધકામમાં માત્ર નોટીસો આપી વહીવટ કરાતો હોવાના લોકોના આક્ષેપો



## પાલિકામાં ઇમ્પેક્ટ ફી ભરવા બાબતે અરજી કરવા છતાં બે વર્ષથી કામ અભરાઇએ કે પછી રોકડી કરવાનો પેતરો?.

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં મોટા પ્રમાણમાં ગેરકાયદેસર બાંધકામો કરી દેવામાં આવેલ છે. જે બાબતે લોકોએ વારંવાર અરજી આપવા છતાં પાલિકા દ્વારા આવા ગેરકાયદેસર બાંધકામ કરેલ મિલકત ધારકોને નોટીસો આપવામાં તો આવે છે પરંતુ આવા લોકો સામે નક્કર કાર્યવાહી કરવામાં ન આવતા તે બાંધાકામ પૂર્ણ કરીને વેચાણ પણ કરી દેવામાં આવતા હોય છે. જેથી પાલિકાના લોકો સામે રીસ્વતના ખુલ્લા આક્ષેપો પણ થવા પામ્યા છે.

હાલ વાત કરવામાં આવે તો ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં સીટી સર્વે નંબર- ૨૫૦૯ અને સીટ નંબર -૮૫ વાળી રહેણાંક જગ્યા અજબાણી (શાહ) સેવંતીલાલ જસકરણભાઇ ના નામે છે અને તેઓએ રહેણાંક ના બદલે મોટુ કોમર્સિયલ બાંધકામ કરી દેવામાં આવેલ છે. આ બાંધાકામ ની મંજુરી ૨૧/૧૨/૨૦૨૦ માં રહેણાંક હેતુ માટે માંગવામાં આવતા પાલિકા દ્વારા તા. ૨૩/૦૨/૨૦૨૧ ના રોજ માત્ર રહેણાંક બાંધકામ માટેની મંજુરી આપવામાં આવતા તેઓએ કોમર્સિયલ બાંધકામ કરવાની સરૂઆત કરતા જાગૃત લોકો દ્વારા પાલિકામાં અરજી કરતાં પાલિકાએ આ કોમર્સિયલ બાંધકામ બંધ કરવા માટે તા. ૨૫/૦૧/૨૦૨૩ ના રોજ પત્ર નં. ન. પા. ધા./ બાં.પ./ વશીપ../ ૨૦૨૩ થી નંબર વગરની નોટીસ પાઠવેલ અને પાલિકાના અધિકારી કર્મચારીનો વહીવટ થઇ જતાં આ બાંધકામ ફરી ચાલુ થવા પામેલ હતુ. અને કામકાજ પુરુ થયાને બે વર્ષ થયેલ પરંતુ પાલિકા દ્વારા આ બાબતે કોઇ કાર્યવાહી કરેલ નહી. તેમજ આ મકાન માલિક દ્વારા આ કોમર્સિયલ બાંધકામમાં પાર્કિંગવાળી જગ્યામાં પણ બે દુકાનો બનાવી દેવામાં આવેલ તેમ છતાં પાલિકા દ્વારા આંખાઅડા કાન કરી દેવામાં આવેલ. આ બાબતે ફરીથી જાગૃત નાગરીક દ્વારા પાલિકામાં અરજી કરવામાં આવતા પાલિકા દ્વારા તા. ૨૩/૦૧/૨૦૨૫ ના રોજ પત્ર નં. ન. પા. ધા./ બાં.પ./ વશી.૮૫૧/૨૦૨૫ થી નોટીસ પાઠવેલ હતી અને જેમાં પણ અગાઉની જેમ નોટીસમાં સાત દિવસમાં ખુલાસો કરવા જણાવેલ તેમજ બાંધકામ સ્થળે કામ ન કરવા જણાવેલ પરંતુ પાલિકાને એ પણ ખનર ન હતી કે આ બાંધકામ એક વર્ષ અગાઉ પૂર્ણ થયેલ છે. પાલિકાના અધિકારી અને કર્મચારીઓ ઓફિસ બેઠા બેઠા નોટીસો આપે છે પરંતુ ક્યારેય સ્થળની તપાસ કરતા નથી. તેમજ આવા બાંધકામ કરનાર લોકો સામે કાર્યવાહી કરવામાં તો જાણે સોગંદ ખાધા હોય તેવુ જાણવા મળી રહ્યુ છે.

### પાલિકામાં માત્રને માત્ર વહીવટ જ ચાલે છે.- અરજદાર

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં મોટા પ્રમાણમાં ગેરક્લાયદેસર બાંધકામ થવા પામેલ છે. અને પાલિકાના અધિકારી કર્મચારી આવા બાંધકામ સ્થળ ઉપર આંટા મારીને નોટીસો પણ પાઠવતા હોય છે. જો આ મિલકત ધારક અધિકારી કે કર્મચારી જોડે વહીવટ કરી દેતો હોય તો તેનું કામ ક્યારેય બંધ કરાવવામાં આવતુ નથી. અને જો ના કરે અને સાચુ હોય તો તેને હેરાન પરેસાન કરવામાં આવતા હોય છે. માટે આ બાબતે અમાંએ પાલિકાના અધિકારી તેમજ કર્મચારીઓ સામે તપાસ કરીને કાર્યવાહી કરવા માટે મુખ્યમંત્રી અને વિજીલીયન્સમાં લેખીત રજુઆતો પણ કરેલ છે.

### નગરપાલિકાના વહીવટદાર પણ અંધારામાં જોવા મળ્યા.

ધાનેરા નગરપાલિકામાં પ્રમુખ ન હોવાના કારણે હાલમાં ધાનેરા મામલતદાર જે. આર. મહેતા વહીવટદાર તરીકે છે. તેઓએને આ બાબતે પુછવામાં આવતા તેઓએ આ બાબતે અજાણ હોવાનું જણાવેલ તેમજાઅ બાબતે પુછપરછ કરીને જવાબ આપવા માટે જણાવ્યુ હતુ. પરંતુ લોકો દ્વારા મળતી માહિતી મુજબ વહીવટદાર મહેતા ક્યારેય પાલિકાનું પગથીયુ પણ ચડ્યા નથી કેમકે તેઓને પોતાની મામલતદાર ઓફિસ બેઠા બધુ કામ થઇ જતુ હોય છે જેથી પાલિકામાં પગ મુક્તા નથી. અગાઉના વહીવટદારો અઠવાડીયામાં એક દિવસ ફરજીયાત નગરપાલિકામાં બેસતા હતા અને લોકોના પ્રશ્નોને વાચા આપતા હતા. પરંતુ હાલ તો અંધેર નગરી અને ગંડુ રાજા જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

### આ બાબતે તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે- ચિફ ઓફિસર

નગરપાલિકાના ચિફ ઓફિસર રૂડાભાઇ રબારીએ જણાવેલ કે આ બાંધકામ બાબતે અગાઉ કેટલી નોત્યીસ આવેલ છે તે જોવડાવી લઉ છું તેમજ આ બાંધકામને રેગ્યુલાઇઝ કરવા માટે અરજી પણ આવેલ છે જેથી તેની ઈમ્પેક્ટ ફી ભરવા માટે પણ તેને લેખીતમાં જાણ કરવામાં આવશે. તેમ કહીને પોતાનો જવાબ વાળી લેવાની કોસીશ કરી હતી. ત્યારે મળતી માહિતી મુજબ ઈમ્પેક્ટ ફી મોટી હોવાથી પાલિકાના અધિકારી અને કર્મચારી બાંધકામ ધારક સાથે બેઠક કરીને તેને ઓછી રકમની ઈમ્પેક્ટ ફી કરી આપી બારોબાર પોતાની તિજોરી ભરવાની પેરવી માં હોવાનું પણ લોકો જણાવી રહ્યા છે. જો આ સત્ય હોય તો સરમજનક બાબત કહેવાય.

### પાલિકા દ્વારા ઈમ્પેક્ટ ફી ની રકમ કેમ આપતી નથી?.

ધાનેરા નગરપાલિકાના એક કર્મચારીએ પોતાનું નામ જાહેર ન કરવાની સરતે જણાવેલ કે આ અજબાણી (શાહ) સેવંતીલાલ જસકરણભાઇ એ પોતાના આ કોમર્સિયલ બાંધકામને રેગ્યુલાઇઝ કરવા માટે તા. ૧૫/૦૯/૨૦૨૩ ના રોજ અરજી આપેલ પરંતુ તેની સામે વાંધા કાઢીને પડી રાખતા ફરીથી પાલિકાએ તા. ૦૯/૦૪/૨૦૨૪ ના રોજ પુર્તતા કરવા માટે નોટીસ પાઠવેલ અને આ બાબતે તપાસ કરતાં આ બાંધકામને રેગ્યુલાઇઝ કરવા માટે મોટી રકમની આસપાસ ઈમ્પેક્ટ ફી થાય તેમ હોવાથી આ અધિકારીઓ અને સેવંતીલાલ શાહ વચ્ચે બેઠક કરીને નજીવી ઈમ્પેક્ટ ફી ભરાવી બાકીની રકમમાં થી આ અધિકારીઓને આપવાનું નક્કી કરવામાં આવ્યુ હોવાનું પાલિકામાં ચર્ચાઇ રહ્યુ છે.

# ધાનેરામાં ભારે વરસાદના લીધે મોટા ભાગના રસ્તાઓ બંધ થતાં વાહનવહેવ્હાર અટવાયો



ધાનેરા તાલુકામાં શનિવારની રાત થી રવિવારે સવાર સુધીમાં ભારે વરસાદ પડવાના કારણે, નદી નાળાઓમાં મોટા પ્રમાણમાં પાણી આવ્યા હતા. જેના કારણે ડુગડોલથી જડીયા, વાસણ થી ધાનેરા, જનાલીથી નાનામેડા, ગોલાથી શેરગઢ તેમજ કુંડીથી રવિયા તરફના માર્ગો માં પાણીના ભારે વહેણના કારણે ક્યાંક ધોવાયા હતા, તો ક્યાંક વધારે પાણી હોવાથી રસ્તાઓ બંધ થવાના કારણે કેટલાય લોકો અટવાયા હતા. તેમજ વાહનો પણ આ પાણીમાં જોવા મળ્યા હતા. બીજી તરફ ઉપરવાસમાં ભારે વરસાદના લીધે રેલ નદીમાં પાણી આવતા માલોત્રા નદીમાં બાંધવામાં આવેલ પાળો ગ્રામજનો દ્વારા તોડવામાં આવતા આ રેલ નદી ફરીથી વહેતી થઇ હતી અને લોકો નદી જોવા માટે પણ ઉમટી પડ્યા હતા. વધારે વરસાદના લીધે ખેતરોમાં જ્યાં દેખો ત્યાં પાણીજ પાણી જોવા મળી રહ્યા છે. માલોત્રા, શેરા ગામની સ્કુલો તો ક્યાંક ગામોમાં પાણીનો પ્રવાહ ઘુસેલ જોવા મળી રહ્યો છે. વધારે વરસાદ ને લઇને ધાનેરા પોલિસ ઈસ્પેક્ટર એમજે ચૌધરીએ તમામ બીટ જમાદારોને પોતાની બીટમાં રવાના કર્યા હતા અને વરસાદી માહોલ બાબતે જાણકારી મેળવી હતી.

# "સંગઠન સૃજન અભિયાન" અંતર્ગત નવનિયુક્ત જિલ્લા પ્રમુખો માટે તારીખ ૨૬-૨૭-૨૮ જુલાઈના રોજ પ્રશિક્ષણ શિબિરની આણંદ ખાતે ન્યાય યોદ્ધા રાહુલ ગાંધી ની ઉપસ્થિતિમાં શરૂઆત






આણંદ ખાતે જિલ્લા પ્રમુખશ્રીઓ ત્રી દિવસીય પ્રશિક્ષણ કાર્યશાળાને ખુલ્લું મુકતા લોકસભા વિરોધ પક્ષના નેતા શ્રી રાહુલ ગાંધીએ માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે જિલ્લા પ્રમુખો ગુજરાતમાં હવે પછી યોજાનારી દરેક ચૂંટણીમાં ટિકિટ વહેંચણીમાં જિલ્લા અને શહેર પ્રમુખની અગત્યની ભૂમિકા રહેશે. ઉમેદવાર અંગેની આખરી પસંદગીના નિર્ણયમાં પ્રદેશ કોંગ્રેસની સાથે જિલ્લા કે શહેર પ્રમુખની સહમતિ અનિવાર્ય રહેશે. દર મહિને જિલ્લા અને શહેર પ્રમુખના કાર્યોનું મૂલ્યાંકન થશે. દરેક વ્યક્તિના પરફોર્મન્સ થકી સંગઠનની સમીક્ષા કરવામાં આવશે. જે જવાબદારી સાથે જવાબદેહી પણ નક્કી કરવામાં આવશે. સંગઠન સૃજન અભિયાન આગામી વિધાનસભાની ચૂંટણી માટે ખૂબ મહત્વપૂર્ણ છે. લોકોની સાથે કોંગ્રેસની વિચારધારાને વળગી રહીને દલિત, શોષિત, વંચિત, યુવા, ખેડૂતો, મહિલાઓને તથા અન્યાય માટે લડત આપે.

ગુજરાત સંગઠન પ્રભારી અને રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી શ્રી મુકુલ વાસનીકે જણાવ્યું હતું કે ગુજરાતમાં કોંગ્રેસના સંગઠન સૃજન અભિયાન અન્વયે જિલ્લા પ્રમુખની આગવી પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આજના પ્રશિક્ષણ શિબિરમાં તમામ જિલ્લા પ્રમુખો વિચારધારાથી સશક્ત બને અને કોંગ્રેસના સંગઠનને મજબૂતી આપે તે દિશામાં કાર્ય કરવાનું છે ગુજરાત કોંગ્રેસના સંગઠનને મજબૂત કરીને કોંગ્રેસ પક્ષ ગુજરાતના નાગરિકોને હક અધિકાર અપાવશે અને ભાજપને ચોક્કસ હરાવીશું.

**● સંગઠન પ્રભારી અને એઆઈસીસીના મહામંત્રી શ્રી મુકુલ વાસનીકજી, પ્રદેશ અધ્યક્ષશ્રી અમિતભાઈ ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી સહિત રાષ્ટ્રીય તથા પ્રદેશના નેતાઓ ઉપસ્થિત રહ્યા.**

**● ગુજરાતના દૂધ સંઘો સાથે જોડાયેલા સભાસદો સાથે આણંદ ખાતે તેમના પ્રશ્નો અને ન્યાય માટે રાહુલજીએ વિશેષ સંવાદ કર્યો.**

**● ગંભીરા બ્રિજ દુર્ઘટનાના પીડિત પરિવારોએ સરકાર દ્વારા ન્યાય ન મળતા, ન્યાયની આશા સાથે જનનાયક શ્રી રાહુલ ગાંધીને તેમની વ્યથા રજૂ કરી.**

સંગઠન સૃજન અભિયાન હેઠળ જીલ્લા પ્રમુખશ્રીઓના પ્રશિક્ષણ શિબિરમાં જનનાયકશ્રી રાહુલ ગાંધીને આવકારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ભાજપ સરકારમાં ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે પ્રજા અતિશય મુશ્કેલી અનુભવી રહી છે, સંગઠન સુજન અભિયાનમાં આપ સૌ જિલ્લા અને શહેરના પ્રમુખ તરીકે જે પ્રશ્નો સ્થાનિક કક્ષાએ છે તે ઉઠાઓ અને આપણે સૌ સાથે મળીને લડીશું, આગામી સમયમાં અનેક પડકારો છે ત્યારે આ પડકાર સામે પ્રજાને સાથે રાખીને લડત આપીશું. આપણા નેતાશ્રી રાહુલ ગાંધીજી આપણને સ્પષ્ટ કીધું છે કે "ડરો મત" ત્યારે આપણે સૌ મજબૂતીથી સંગઠનને કાર્યરત કરીને જનતાના મુદ્દાઓ ને સડકથી લઈને વિધાનસભા સુધી લઈ જઈશું તેઓ આપણે સૌ સંકલ્પ કરીએ. આભાર વિધિ કરતાં વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં હું અને પ્રમુખશ્રી અમિતભાઈ જિલ્લા તાલુકા કે બુથ સુધી જ્યાં પણ અમારી જરૂર પડે ત્યાં પક્ષ માટે હાજરી આપવા ઉપલબ્ધ રહીશું. સાથે સાથે દરેક આગેવાનશ્રીઓ અને જિલ્લા પ્રમુખશ્રીઓને પોતાની જવાબદારી મહેનત અને ઈમાનદારીથી નિભાવવાનું આહવાન કર્યું હતું.

ગુજરાતના દૂધ સંઘો અને તેમની સાથે જોડાયેલા સભાસદો તથા પશુપાલકોએ ન્યાય મેળવવા પોતાની વ્યથા ઠાલવતા રાહુલ ગાંધીજીને રજૂઆત કરી હતી કે ડેરી દ્વારા દૂધના પૂરતાં ભાવ અપાતા નથી, સહકારી ક્ષેત્રમાં રોજગારમાં લાખો રૂપિયાના ભ્રષ્ટાચાર છે, નોકરી માટે લાખો રૂપિયાની લાંચ આપવી પડે છે, સહકારી સંસ્થાઓમાં કોન્ટ્રાક્ટ પ્રથાના લીધે મોટા પાયે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ભાજપના મળતીયાઓને આઉટસોર્સિંગના માધ્યમથી કોન્ટ્રાક્ટ આપવામાં આવી રહ્યા છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીજીએ સહકારી ક્ષેત્રના પ્રશ્નોને લોકસભા માં ઉપાડવાની બાહેધરી આપી હતી અને તેમના પ્રશ્નો માટે તેમની સાથે આંદોલન માટેની તૈયારી બતાવી હતી.

ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં ૨૦ થી વધુ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા ત્યારે પીડિત પરિવારો ગુજરાત સરકાર દ્વારા ન્યાય ન મળતા, ન્યાયની આશા સાથે જનનાયક શ્રી રાહુલ ગાંધીને મળ્યા હતા અને તેમની વ્યથા રજૂ કરી હતી. જનનાયક રાહુલ ગાંધી પર સમગ્ર દેશની જનતાને તેઓ ન્યાય અને અધિકાર અપાવશે તેની ખાતરી અને વિશ્વાસ છે

સંગઠન સૃજન અભિયાન અંતર્ગત ત્રિદિવસીય પ્રશિક્ષણ શિબિરના પ્રથમ દિવસે એઆઈસીસી ટ્રેનીંગ ઇન્ચાર્જ શ્રી સચિન રાવજી, એઆઈસીસી વોર રૂમ ઈનચાર્જ અને સાંસદ શ્રી શશિકાંત સેન્થીલ , પ્રદેશ કોંગ્રેસ પૂર્વ પ્રમુખ અને સાંસદ શ્રી શક્તિસિંહ ગોહિલ, સી ડબ્લ્યુસી સદસ્ય શ્રી જગદીશ ઠાકોર, સીઈસી સદસ્ય શ્રી એમીબેન યાગ્નિક, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી લાલજી દેસાઈ, પૂર્વ વિધાનસભા વિરોધ પક્ષના નેતા શ્રી પરેશ ધાનાણી, શ્રી સુખરામ રાઠવા, એઆઈસીસીના મંત્રી અને ગુજરાત સંગઠન સહ પ્રભારી શ્રી રામકિશન ઓઝાજી, શ્રી ઉષા નાયડુજી, શુભાષિની યાદવજી, શ્રી ભુપેન્દ્ર મારવીજી, રાષ્ટ્રીય એસટી સેલના અધ્યક્ષ શ્રી વિક્રાંત ભુરીયા સહિત ધારાસભ્યો, નવનિયુક્ત શહેર જિલ્લા પ્રમુખોએ ઉપસ્થિત રહી ગુજરાતના પ્રાણ પ્રશ્નોને નિવારવા સંકલ્પબદ્ધ બન્યા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.